**પરીક્ષાનું નામ : પ્રાથમિક - માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા**

**Elementary Intermediate Drawing Grade Examination**

**ઉમેદવારની લાયકાત**

**પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા** : વિદ્યાર્થી ધોરણ ૫ થી ૮ માં અભ્યાસ કરતો હોવો જોઈએ

**માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા** : વિદ્યાર્થી ધોરણ - ૮ પાસ અથવા પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા પસાર કરેલ હોવી જોઈએ.

**આવેદનપત્ર ભરવાનો સમયગાળો :** સંભવિત સપ્ટેમ્બર માસ

**પરીક્ષાનો સમય :** સંભવિત નવેમ્બર તથા ડિસેમ્બર માસ

**પરીક્ષાનું માધ્યમ :** પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી તેમજ ગુજરાતી રહેશે અને ડ્રોઈંગ પેપર પર પરીક્ષા આપવાની રહેશે.

**પરીક્ષા ફી**

પ્રાથમિક માધ્યમિક ચિત્રકામ બન્ને પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે ફી રૂ. ૫૦/- રહેશે.

પ્રાથમિક - માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા દર વર્ષે યોજવામાં આવે છે. આ પરીક્ષા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા માન્ય કરેલા પરીક્ષા કેન્દ્રો પરથી પરીક્ષાનું આવેદનપત્ર ભરવામાં આવે છે તથા તે જ કેન્દ્રો પર પરીક્ષા યોજવામાં આવે છે.

આ પરીક્ષાનું પરીણામ www.sebexam.org પર મુકવામાં આવે છે. પાસ થનાર વિદ્યાર્થીઓને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા પ્રશ્નપત્ર માળખુ**

| ક્રમ | સમય | વિષય |
|---|---|---|
| પેપર - ૧ | ૨:૩૦ કલાક | નેચર |
| પેપર - ૨ | ૨:૩૦ કલાક | ભાતચિત્ર |
| પેપર - ૩ | ૧:૦૦ કલાક | ચિત્ર સંયોજન |

**માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા પ્રશ્નપત્ર માળખુ**

| ક્રમ | સમય | વિષય |
|---|---|---|
| પેપર - ૧ | ૩:૦૦ કલાક | માનવસર્જિત પદાર્થ |
| પેપર - ૨ | ૩:૦૦ કલાક | ભાતચિત્ર |
| પેપર - ૩ | ૩:૦૦ કલાક | ચિત્ર સંયોજન |
| પેપર - ૪ | ૨:૦૦ કલાક | અક્ષર લેખન |

**પરીક્ષાનું નામ : પ્રાથમિક - માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા**

**Primary Secondary Scholarship Examination**

**ઉમેદવારની લાયકાત**

સંબંધિત શૈક્ષણિક વર્ષમાં ધોરણ - ૫ માં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થી પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા તથા ધોરણ - ૮ માં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થી માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા આપી શકે છે.

**આવક મર્યાદા**

આ પરીક્ષા માટે આવક મર્યાદા ધ્યાને લેવામાં આવતી નથી.

**આવેદનપત્ર ભરવાનો સમયગાળો :** સંભવિત ઓગષ્ટ માસ

**પરીક્ષાનો સમય :** સંભવિત ઓક્ટોબર માસ

**પરીક્ષાનું માધ્યમ :** પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે અને પ્રશ્નો બહુ વિકલ્પ રહેશે.

**પરીક્ષા ફી**

પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા રૂ. ૪૦/-.
માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા રૂ. ૫૦/-.

ધોરણ - ૫ માં તથા ધોરણ - ૮ માં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થી માટે અનુક્રમે પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા તથા માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા દર વર્ષે યોજવામાં આવે છે. આવે છે તથા તે જ કેન્દ્રો પર પરીક્ષા યોજવામાં આવે છે.

**શિષ્યવૃત્તિની ચૂકવણીના નિયમો**

મેરીટમાં આવતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર દ્વારા સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા જિલ્લા શિક્ષણાધિકારીને ફાળવવામાં આવે છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સદર રકમ સંબંધિત શાળાઓને ફાળવવામાં આવે છે. જે શાળા દ્વારા વિદ્યાર્થીઓને ફાળવવામાં આવે છે.

**પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ**

| ક્રમ | કસોટીનો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|---|
| ૧ | ભાષા સામાન્ય જ્ઞાન | ૧૦૦ | ૧૦૦ | ૯૦ મિનીટ |
| ૨ | ગણિત વિજ્ઞાન | ૧૦૦ | ૧૦૦ | ૯૦ મિનીટ |



# રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર, ગુજરાત રાજ્ય

## રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓની માહિતી

**રાજ્ય પરીક્ષા બોર્ડ**

જિલ્લા સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ગુજરાત, ભારત. ફોન : ૦૭૯-૨૩૨૪૮૪૬૧,
**Email:** gseb21@gmail.com
**Web:** www.sebexam.org, gujarat-education.gov.in/seb

## પરીક્ષાનું નામ : નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજના
## National Means cum Merit Scholarship Scheme

**ઉમેદવારની લાયકાત**

વિદ્યાર્થી સંબંધિત શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮ માં અભ્યાસ કરતા હોય અને ધોરણ-૭ માં ઓછામાં ઓછા ૫૫% (SC-ST માટે ૫૦%) ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઈએ

**આવક મર્યાદા**

વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક રૂા. ૧,૫૦,૦૦૦/- થી વધારે ન હોવી જોઈએ.

**આવેદનપત્ર ભરવાનો સમયગાળો :** સંભવિત ઓગષ્ટ - સપ્ટેમ્બર માસ (www.sebexam.com)

**પરીક્ષાનો સમય :** સંભવિત નવેમ્બર માસ

**પરીક્ષાનું માધ્યમ :** પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી તેમજ ગુજરાતી રહેશે અને પ્રશ્નો બહુ વિકલ્પ રહેશે

**પરીક્ષા ફી**

જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ફી રૂા. ૭૦/- અને એસ.સી. - એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ફી રૂા. ૫૦/- રહેશે

ધોરણ - ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (N.M.M.S.) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા દર વર્ષે યોજવામાં આવે છે.

**શિષ્યવૃત્તિની રકમ તથા ચૂકવણીના નિયમો**

મેરીટમાં આવતા વિદ્યાર્થીના બેંક ખાતામાં માસિક રૂા. ૫૦૦/- લેખે વાર્ષિક રૂા. ૬,૦૦૦/- ચાર વર્ષ સુધી એમ.એચ.આર.ડી. ન્યુ દિલ્હી દ્વારા જમા થશે.

**પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ**

| કસોટીનો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| (૧) MAT બૌધ્ધિક યોગ્યતા કસોટી | ૯૦ | ૯૦ | ૯૦ મિનીટ |
| (૨) SAT શૈક્ષણિક યોગ્યતા કસોટી | ૯૦ | ૯૦ | ૯૦ મિનીટ |

## પરીક્ષાનું નામ : રાષ્ટ્રીય પ્રતિભા શોધ કસોટી
## National Talent Search Examination

**ઉમેદવારની લાયકાત**

સંબંધિત શૈક્ષણિક વર્ષમાં ધોરણ - ૧૦ માં સરકારી શાળા, ગ્રાન્ટેડ શાળા, ખાનગી શાળા અથવા લોકલ બોડી સ્કુલમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ NTSE ની પરીક્ષા આપી શકે છે.

**આવક મર્યાદા**

આવક મર્યાદા ધ્યાનમાં લેવામાં આવતી નથી.

**આવેદનપત્ર ભરવાનો સમયગાળો :** સંભવિત ઓગષ્ટ - સપ્ટેમ્બર માસ (www.sebexam.com)

**પરીક્ષાનો સમય :** સંભવિત નવેમ્બર માસ

રાષ્ટ્રીય પ્રતિભા શોધ કસોટી (એન.ટી.એસ.ઈ.) શિષ્યવૃત્તિની પ્રથમ તબક્કાની પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા દર વર્ષે યોજવામાં આવે છે. જેમાં મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓની બીજા તબક્કાની પરીક્ષા એન.સી.ઈ.આર.ટી., ન્યુ દિલ્હી દ્વારા ગાંધીનગર ખાતે લેવામાં આવે છે.

**પરીક્ષા ફી**

જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ફી રૂા. ૭૦/- અને એસ.સી. - એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ફી રૂા. ૫૦/- રહેશે

**શિષ્યવૃત્તિની રકમ તથા ચૂકવણીના નિયમો**

ધોરણ - ૧૧ તથા ૧૨ માં માસિક રૂા. ૧,૨૫૦/-.

અન્ડર ગ્રેજ્યુએશન તથા પોસ્ટ ગ્રેજ્યુએશન માટે માસિક રૂા. ૨,૦૦૦/-.

Ph.D. અભ્યાસ માટે યુ.જી.સી.ના નિયમાનુસાર એન.સી.ઈ.આર.ટી., ન્યુ દિલ્હી દ્વારા શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

| કસોટીનો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| (૧) બૌધ્ધિક યોગ્યતા કસોટી (MAT) | ૫૦ | ૫૦ | ૪૫ મિનીટ |
| (૨) ભાષા કસોટી (LT) (ગુજરાતી/અંગ્રેજી) (મિડીયમ આધારીત) | ૫૦ | ૫૦ | ૪૫ મિનીટ |
| (૩) શૈક્ષણિક યોગ્યતા કસોટી (SAT) | ૧૦૦ | ૧૦૦ | ૯૦ મિનીટ |

| | |
|---|---|
| ગણિત-૨૦ | ઈતિહાસ-૧૫ |
| ફિઝીક્સ-૧૩ | ભુગોળ-૧૫ |
| કેમેસ્ટ્રી-૧૩ | પોલ. સાયન્સ-૫ |
| બાયોલોજી-૧૪ | અર્થશાસ્ત્ર-૫ |

## પરીક્ષાનું નામ : રાષ્ટ્રીય ભારતીય મિલિટરી કોલેજ પ્રવેશ પરીક્ષા
## Rashtriya Indian Military College Entrance Exam

**ઉમેદવારની લાયકાત**

પ્રવેશ સમયે ધોરણ - ૭ પાસ થયેલ હોય તેવા અથવા ધોરણ - ૭ માં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકે છે.

**ઉંમર**

આ પરીક્ષામાં બેસવા માટે ઉમેદવાર ૧૧$\frac{૧}{૨}$ (૧૧ વર્ષ ૬ મહિના) વર્ષ કરતાં નાનો અને ૧૩ વર્ષ કરતાં મોટો હોવો જોઈએ નહી.

**પરીક્ષાનું માધ્યમ :** અંગ્રેજી તથા હિન્દી

**આવેદનપત્ર ભરવાનો સમયગાળો :** જાન્યુઆરી તથા જુલાઈ

**પરીક્ષાનો સમય :** જૂન તથા ડિસેમ્બર

**પરીક્ષાનો હેતુ :**

આ પરીક્ષામાં લેખિત તથા ઈન્ટરવ્યુમાં પાસ થનાર રાજ્યના એક વિદ્યાર્થીને ભારતીય મિલિટરી કોલેજ (આર.આઈ.એમ.સી.) દેહરાદૂન ખાતે અભ્યાસ માટે પ્રવેશ મળે છે.

**આવેદનપત્ર મેળવવા માટેની પ્રક્રિયા**

આ પરીક્ષા માટેના આવેદનપત્રો ધ કમાન્ડન્ટ રાષ્ટ્રીય ઈન્ડિયન મિલિટરી કોલેજ, દેહરાદૂન, ઉત્તરાખંડ, પીન કોડ નં. ૨૪૮૦૦૩ પાસેથી આવશ્યક રકમનો "THE COMMANDANT RIMC DEHRADUN" ના નામનો પેયેબલ એટ "DRAWEE BRANCH, STATE BANK OF INDIA, TEL BHAVAN, DEHRADUN, (BANK CODE : 01576) UTTARAKHAND" ડિમાન્ડ ડ્રાફ્ટ લેખિત અરજી સાથે મોકલવાથી આવેદનપત્રો મેળવી શકાશે.

ઉમેદવારે આવેદનપત્રો બે નકલમાં ભરી આવશ્યક પ્રમાણપત્રો સાથે સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સરકારી પુસ્તકાલય સામે, સેક્ટર-૨૧, ગાંધીનગરને પહોંચતા કરવાનાં હોય છે.

**પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ**

| ક્રમ | કસોટીનો પ્રકાર | ગુણ | સમય |
|---|---|---|---|
| ૧ | અંગ્રેજી | ૧૨૫ | ૧૨૫ મિનીટ |
| ૨ | ગણિત | ૨૦૦ | ૯૦ મિનીટ |
| ૩ | સામાન્ય જ્ઞાન | ૭૫ | ૬૦ મિનીટ |